ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

મંગળવાર ૧૨ મે, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

**એક જ પરિવારના 5 સભ્યો ગંભીર ઇજાગ્રસ્ત**

## પૂરપાટ ઝડપે દોડતી કારનું ટાયર ફાટતા ઓવરબ્રિજ પરથી નીચે ખાબકી

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર કાલોલ નજીક કાળમુખો અકસ્માત



(પ્રતિનિધિ) કાલોલ, તા.11
દેશના સૌથી આધુનિક અને વ્યસ્ત ગણાતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાતા હાહાકાર મચી ગયો હતો. કાલોલ નજીક પૂરપાટ ઝડપે દોડી રહેલી એક ખાનગી કારનું અચાનક ટાયર ફાટતા ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બેકાબૂ બનેલી કાર ઓવરબ્રિજની સુરક્ષા દિવાલ તોડીને સીધી નીચે પટકાઈ હતી. આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર એક જ પરિવારના પાંચ સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. પરિવાર પોતાની કારમાં દિલ્હી-મુંબઈ કોરિડોર પરથી પસાર થઈ રહ્યો હતો. કાલોલ નજીક આવેલા ઓવરબ્રિજ પર કાર પહોંચી ત્યારે અચાનક ટાયર ધડાકાભેર ફાટ્યું હતું. ટાયર ફાટતા જ કાર બેકાબૂ બની ગઈ હતી અને પળવારમાં હાઈવેની રેલિંગ સાથે અથડાઈને ઓવરબ્રિજ પરથી નીચે ખાબકી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. કાર નીચે પટકાતા જ પ્રચંડ અવાજ સંભળાતા આસપાસના ખેતરોમાં કામ કરતા લોકો અને અન્ય વાહનચાલકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિકોની સમયસૂચકતાના કારણે તરત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ઈજાગ્રસ્તોમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થતો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. તમામ ઘાયલોને લોહીલુહાણ હાલતમાં એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા હાઈવે પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી હતી. આ બનાવે ફરી એકવાર એક્સપ્રેસવે પર ઝડપ અને વાહન સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઉભા કર્યા છે.

## કાલોલ ખંડોળીમાં ક્ષત્રિય કેળવણી મંડળનો 22મો સમૂહ લગ્ન યોજાયો



કાલોલ : તાલુકાના ખંડોળી ખાતે કાલોલ તાલુકા ક્ષત્રિય કેળવણી મંડળ દ્વારા 22મા ભવ્ય સમૂહ લગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ રાજપાલસિંહ જાદવ અને ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.સાંસદ રાજપાલસિંહ જાદવ સાથે કાલોલ મતવિસ્તારના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ એ પ્રભુતામાં પગલાં માંડી રહેલા નવયુગલોને આશીર્વાદ આપીને પ્રસન્ન અને પ્રેમાળ લગ્ન જીવનની શુભકામનાઓ પાઠવી હતી.

**પંચમહાલ જિલ્લા LCB બાતમી આધારે કાર્યવાહી કરી**

## ચોરીની 3 બાઈક સાથે એક રીઢા તસ્કરને ઝડપી પાડી કુલ 3 ગુનાઓનો ભેદ ઉકેલ્યો

(પ્રતિનિધિ) કાલોલ તા.11
એલસીબી પોલીસ ના એ.એસ.આઈ. દિગ્પાલસિંહ અને હેડ કોન્સ્ટેબલ વિક્રમભાઈને મળેલી ચોક્કસ બાતમી મળી કે કાલોલ તાલુકાના બોરૂ ગામ પાસે આવેલી નર્મદા કેનાલ ઉપર એક ઈસમ બજાજ સીટી ૧૦૦ જીજે ૦૬ એલ એચ ૬૦૨૧ નંબરની બાઈક લઈને ઊભો છે અને ઝાડી ઝાખરામાં અન્ય બે બાઈકો મુકેલ છે જે બાતમીના આધારે એલ.સી.બી. પી.એસ.આઈ. એસ.આર. શર્મા અને તેમની ટીમે વોચ ગોઠવી હતી.મઘાસર ચોકડી પાસેથી ચોરાયેલી બાઈક સાથે આરોપી રજનીકાંત ઉર્ફે શન્ની સતિષભાઈ પારેખ (રહે.



ધનતેજ, તા. સાવલી, જી. વડોદરા). પકડાઈ ગયો હતો. પોલીસે આરોપી પાસેથી કુલ 60,000 ની કિંમતની ત્રણ મોટર સાયકલ જપ્ત કરી છે:
બજાજ સીટી 100 (નંબર: GJ-06-LH-6021) - કિંમત 20,000.
હીરો પેશન પ્રો (નંબર વગરની) - કિંમત 20,000.
હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્રો (નંબર વગરની) - કિંમત 20,000.
ઉકેલાયેલા ગુનાઓ
આરોપીની પૂછપરછ દરમિયાન તેણે સ્વીકાર્યું હતું કે આ વાહનો તેણે અલગ-અલગ સ્થળોએથી ચોર્યા હતા:
કાલોલ: મઘાસર ચોકડી પાસેથી ડુપ્લીકેટ ચાવી વડે બજાજ સીટી 100 ની ચોરી કરી હતી.
વડોદરા ગ્રામ્ય (સાવલી): વડીયા રાણીપુરા ગામે રામાપીરના મંદિરે ભીડનો લાભ લઈ સ્પ્લેન્ડર પ્રોનું લોક તોડી ચોરી કરી હતી.
વડોદરા શહેર (રાવપુરા): એસ.એસ.જી. હોસ્પિટલના પાર્કિંગમાંથી હીરો પેશન પ્રોની ચોરી કરી હોવાની કબુલાત કરી છે.

**કાળઝાળ ગરમીમાં લોકો શેકાઇ રહ્યા છે : તંત્ર નિંદ્રાધિન**

## ગોધરાના બામરોલી રોડ પર વારંવાર વીજ પુરવઠો ખોરવાતા લોકોને હાલાકી

હાલ ઉનાળો આકરો બન્યો છે, સૂર્યદેવનો પ્રકોપ 44 ડીગ્રીને આંબી ગયો છે ત્યારે વીજી ડૂલ રહેતા તંત્ર સામે લોકોનો ફિટકાર વરસ્યો હતો

(પ્રતિનિધિ) ગોધરા, તા.11
ગોધરાના બામરોલી રોડ પર વારંવાર ખોરવાથી વીજળીના લીધે ત્યાંના લોકોને પડતી મુશ્કેલી ગોધરાના બામરોલી રોડ પર આવેલા ચંદનબાગના ફીડર ના લીધે ત્યાંના લોકોને વારંવાર એમજીવીસીએલના નિષ્કાળજી નો ભોગ બનવાનો વારો આવ્યો છે જ્યારે આ બામરોલી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી સવારે બપોરે રાત્રિના સમયે વારંવાર લાઈટો જાય છે જેના લીધે નાના બાળકો વૃદ્ધો વેપારીઓ અને ત્યાંના લોકોને ગરમી નો ભોગ બનવું પડે છે જ્યારે બામરોલી રોડ પર વર્ષો પહેલા જે ડી પી નાખવામાં આવી હતી તે જ ડીપી થી અત્યાર સુધી આ વીજળી ચાલે છે જ્યારે બામરોલી રોડ ઉપર લાઈટોનું પ્રમાણ વધી ગયું હોય તો માટે mgvcl ના અધિકારી દ્વારા નવી હેવી ડી પી નાખવામાં આવે તો પણ વીજળીનો પ્રોબ્લેમ સોલ થઈ શકે તેમ છે લોકોને વીજળી સારી રીતે મળી જાય જ્યારે હજુ ચોમાસાની વાર હોય અને આ રીત ની લાઇટો જતી રહેશે તો ચોમાસામાં આ વિસ્તારના લોકો ની શું પરિસ્થિતિ થશે વારંવાર બામરોલી રોડના લાઈટ તો જવાને કારણે આ બામરોલી રોડના લોકોને પાણી વગર વંચિત રહેવું પડે છે જ્યારે બામરોલી રોડ પર જે વારંવાર લાઈટો જાય છે તેના માટે એમજીવીસીએલના અધિકારીઓ દ્વારા ચોક્કસ નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ ઉઠવામાં પામી છે જ્યારે વારંવાર લાઈટો ચાલુ બંધ થવાથી લોકોને વીજળીના ઉપકરણોમાં નુકસાન જતા હોય તેમ પણ થાય છે

## હાલોલમાં ઝાડ પરથી નીચે પડેલા અને ઘવાયેલા ઘુવડનુ રેસ્ક્યુ



(પ્રતિનિધિ) હાલોલ, તા.11
હાલોલ ગોધરા બાયપાસ રોડ ઉપર આવેલ MG કંપનીના ડિપાર્ટમેન્ટ માથી ટેલિફોનિક જાન સિદ્ધાંત જીવદયા ટીમ ને થતા ટીમ મેમ્બર હરીશભાઈ અને પિન્ટુભાઈ તુરંતMG કંપનીમાં પહોંચી સ્થળ પર જઈ જોયુ તો ઘુવડ ઘાયલ અવસ્થા મા હતુ ત્યાની જાણકારી મુજબ ઘુવડ કંપની ના જાડ પર અચાનક નીચે પડી ગયેલ હતુ તેવી જાણ થતા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ના આર.એફ.ઓ ચંદ્રીકાબેન ચૌધરીની જાણકારી નિર્દેશન અને માર્ગદર્શન મુજબ ઘુવડને હાલોલ એનિમલ હોસ્પિટલ લઈ જઈ દવા સારવાર કરી અને ધોબીકુવા રેસ્ક્યુ સેન્ટર લઈ જઈ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ માર્ગદર્શન મુજબ રીલીજ કર્યુ.

**સર્વોદય હોસ્પિટલિટી ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ મુસ્લિમ સમાજની સેવા**

## હાલોલ બસસ્ટેશન ખાતે નિ:શુલ્ક ઠંડી છાશ અને પાણીનુ વિતરણ કરાયું

(પ્રતિનિધિ) હાલોલ, તા.11
સર્વોદય હોસ્પિટલિટી ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ હાલોલ મુસ્લિમ સમાજ દ્વારા ઉનાળાની આકરી ગરમીને ધ્યાનમાં રાખી હાલોલ બસ સ્ટેન્ડ ખાતે મુસાફરો માટે નિ:શુલ્ક ઠંડી છાશ અને પાણીનું વિતરણ આજે સોમવારના રોજ બપોરના સમયે કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાં ગરમીનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે અને હાલ 44 ડિગ્રી જેટલું તાપમાન નોંધાતા લોકો ભારે ગરમીથી પરેશાન બની ગયા છે. આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેવી પરિસ્થિતિ સર્જાતા નગરજનો બપોરના સમયે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. આવા કપરા ઉનાળામાં મુસાફરી



કરી રહેલા બસ મુસાફરોને રાહત મળે તે હેતુથી હાલોલ બસ સ્ટેન્ડ ખાતે ઠંડા પીણાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ અને મુસ્લિમ સમાજના કાર્યકરો દ્વારા બસમાં આવતા-જતા મુસાફરોને નિ:શુલ્ક ઠંડી છાશ તેમજ ઠંડા પાણીની બોટલો આપવામાં આવી હતી. ગરમીથી ત્રસ્ત મુસાફરોને આ સેવા મળતા તેમના ચહેરા પર ખુશીની લાગણી જોવા મળી હતી અને લોકોએ આયોજકોની પ્રશંસા કરી હતી.આ સેવાકીય કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ સલીમભાઈ સરજોન, અજીજુલભાઈ દાઢી, સમીરભાઈ બજારવાલા, ફારુકભાઈ બાગવાલા, સમીરભાઈ સોડાવાળા, સંજયભાઈ પટેલ,મુરતુજાભાઈ બાગવાલા, સિદ્દીકભાઈ દાઢી, ઈમરાનભાઈ લીમડીયા, મહમંદ મકરાણી સહિત અનેક મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સેવા અને માનવતાના ભાવ સાથે યોજાયો હતો.

## ગિરનાર પ્રતિભાવંત એવોર્ડ દ્વારા ટીંબા પ્રાથમિક શાળાના આચાર્ય સતિષભાઈ પ્રજાપતિનું સન્માન

(પ્રતિનિધિ) ગોધરા, તા.11
પંચમહાલ જિલ્લામાં ધાર્મિક અને સામાજિક પ્રસંગો દરમિયાન નીકળતા વરઘોડા અને રેલીઓમાં ડી.જે. સિસ્ટમના અવિચારી ઉપયોગથી વધતા જતા ધ્વનિ પ્રદૂષણને રોકવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એક મહત્વનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામું ૭ જુલાઈ ૨૦૨૬ સુધી સમગ્ર જિલ્લામાં અમલી રહેશે. રાત્રિના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી જિલ્લામાં ડી.જે.ના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. શાંત વિસ્તાર (Silent Zone) જેવા કે,શાળાઓ, કોલેજો, હોસ્પિટલો, અદાલતો અને ધાર્મિક સ્થળોના ૧૦૦ મીટરના ઘેરાવાને 'શાંત વિસ્તાર' જાહેર કરવામાં આવ્યો છે. અહીં માઈક કે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં. કોઈપણ સામાજિક કે ધાર્મિક પ્રસંગે ડી.જે.નો ઉપયોગ કરવા માટે સંબંધિત મામલતદાર, પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ અને GPCB ની પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે. વહીવટી તંત્રના ધ્યાને આવ્યું છે કે ડી.જે.ના કર્કશ અવાજને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ, વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય અને દર્દીઓની સારવારમાં મોટી ખલેલ પહોંચે છે. વધુમાં, હાઈવે પર જાન કે વરઘોડામાં વાગતા ડી.જે.ના કારણે વાહનોના હોર્ન સંભળાતા નથી, જે ગંભીર અકસ્માતોનું કારણ બને છે. સાંપ્રદાયિક સંવેદનશીલતા અને માર્ગ સલામતીને ધ્યાને રાખીને આ આકરો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છેકે જી.પી.સી.બી દ્વારા અવાજની મર્યાદા વિવિધ વિસ્તારો માટે ડેસિબલ મર્યાદા નક્કી કરવામાં આવી છે, જેનું પાલન કરવું ફરજિયાત છે.જે અનુસાર રહેણાંક વિસ્તાર માટે દિવસ દરમિયાન ૫૫ DB / રાત્રે ૪૫ DB તથા શાંત વિસ્તાર માટે દિવસ દરમિયાન ૫૦ DB / રાત્રે ૪૦ DB નક્કી કરવામાં આવી છે. જિલ્લા પ્રશાસન દ્વારા તમામ નાગરિકોને આ જાહેરનામાનું ચુસ્તપણે પાલન કરવા અને પર્યાવરણની જાળવણીમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. તદુપરાંત આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

### ગિરનાર પ્રતિભાવંત એવોર્ડ દ્વારા ટીંબા પ્રાથમિક શાળાના આચાર્ય સતિષભાઈ પ્રજાપતિનું સન્માન

(પ્રતિનિધિ) કાલોલ, તા.11
મોરારિબાપુ દ્વારા પુરસ્કૃત અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ ના સૌજન્ય થી દિગ્વિજય સિંહ જાડેજા પ્રમુખ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ ના માર્ગદર્શન થી 26 જેટલા ચિત્રકૂટ એવોર્ડ વિજેતા શિક્ષકના પરિવાર સાથેદરેક ગામની શેરીઓમાંથી બાળકો બોલાવી, જાહેર જગ્યાઓ પર, કોઈ વાલીઓના ફળિયામાં, રમતો, રંગપૂરણી, કાગળકામ, સર્જનાત્મક અને રચનાત્મક, કાર્ડ રમતો, બાળવાર્તા, જાદુઈ વિદ્યા, પપેટ શો,અભિનય ગીતો, જેવી કેટલીય સહઅભ્યાસિક વિવિધ પ્રકારની પ્રવૃતિઓ દ્વારા બાળકોને ખૂબ પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યુ હતુ.

**સિંગવડ ખાતે થોડાક સમય પહેલા સ્ટેટ હાઇવેના કામમાં ગેરરિત**

## તાજેતરમાં જ બનેલા રોડ પર ગાબડા અને સળિયા દેખાતા વાહનચાલકોમાં ભયનો માહોલ

(પ્રતિનિધિ) હાલોલ, તા.11
સિંગવડ નગર ખાતે સરજુમી ચોકડી પર સ્ટેટ હાઈવે ના રસ્તા ઉપર ખાડો પડી જતા તેનામાં નાખેલા લોખંડના સળિયા બહાર નીકળી જતા અવારનવાર એક્સિડન્ટ થવાનો ભય રહે છે જ્યારે આ સ્ટેટ હાઈવે નો આરસીસી રસ્તો બન્યા ને થોડોક સમય થયો હોય અને આ સ્ટેટ હાઈવેના આરસીસી રસ્તા પર ખાડો પડી જતા તેનામાંથી લોખંડના સળિયા બહાર નીકળી ગયા હોય જ્યારે આ સળિયાને નથી નીકળવામાં આવતા કે પછી નથી તેના ઉપર આરસીસી



કરવામાં આવતું તેના લીધે ત્યાંથી નીકળતા નાના મોટા વાહનોને એક્સિડન્ટ થવાનો ભય રહે છે તેના લીધે મોટર સાયકલ ચાલક તેમની મોટરસાયકલ લઈને નીકળે તો પંચર થતી હોય છે જ્યારે પીપલોદ થી સંજેલી જતો સ્ટેટ હાઈવે નો રસ્તો હોય તેના ઉપર આરસીસી થયો ને આવી રીતના તેનામાં નાખેલા લોખંડના સળિયા દેખાઈ જાય તો તે કેવું કામ કરવામાં આવ્યું તેવી ચર્ચાનો વિષય બનવા પામ્યો છે જ્યારે આ મેન હાઈવે રસ્તો હોય જો આને ફટાફટ રીપેરીંગ કરવામાં નહીં આવે તો કોઈ મોટી જાનહાની થઈ શકે તેમ છે માટે આના લાગતા વળગતા અધિકારીઓ દ્વારા રસ્તા ની સારસંભર લઈને તેના ઉપર કામ કરીને તેને કમ્પલેટ કરવામાં આવી તેવી માંગ ઉઠવા પામી છે

**કાલોલના સણસોલીમાં ડીજે રસ્તા ઉપર થી ખસેડવા બાબતે મોટી માથાકુટ સર્જાઇ**

## સામાન્ય બાબતની અદાવતમાં હુમલો અને પથ્થરમારો

કાલોલ પોલીસ ની 112 ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી

(પ્રતિનિધિ) કાલોલ, તા.11
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના સણસોલી ગામે રસ્તા પર વાહન ખસેડવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં એક યુવક પર લાકડી વડે હુમલો કર્યા બાદ મોડી સાંજે તેના ઘરે જઈ પથ્થરમારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ છે.ફરિયાદી મનોજકુમાર સોમસિંહ રાઠોડ, જેઓ ખેતી અને ખાનગી કંપનીમાં નોકરી કરી ગુજરાન



ચલાવે છે, તેમણે પોલીસમાં નોંધાવેલી વિગત મુજબ આ વિવાદ સવારના સમયે શરૂ થયો હતો. મનોજકુમાર પોતાની બીમાર પુત્રીને જોવા કંપનીથી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે નારણપુરા નર્મદા કેનાલ પાસે અર્જુનસિંહ દલપતસિંહ રાઠોડ અને અન્ય શખ્સોએ રસ્તામાં ડી.જે. અને ઈકો ગાડી ઉભી રાખી રસ્તો રોક્યો હતો. મનોજકુમારે રસ્તો આપવા વિનંતી કરતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ₹તું મોટો દાદો થઈ ગયો છે?₹ તેમ કહી ડી.જે. માંથી લાકડી કાઢી મનોજકુમારના કપાળે મારી દીધી હતી. જે બાદ સવારના ઝઘડાની અદાવત રાખીને તે જ દિવસે સાંજે આશરે સાત વાગ્યાના સુમારે આરોપીઓ પથ્થરો અને લાકડીઓ સાથે ફરિયાદીના ઘરે પહોંચ્યા હતા. કાલોલ પોલીસ ની 112 ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી.
ફરિયાદ મુજબ અર્જુનસિંહ દલપતસિંહ રાઠોડ, ભુપેનસિંહ દલપતસિંહ રાઠોડ, દલપતસિંહ અંદરસિંહ રાઠોડ, ભાવીકસિંહ સંજયસિંહ રાઠોડ નાઓએ હુમલો કર્યો હતો. આ આરોપીઓએ ફરિયાદીના ઘર પર પથ્થરમારો કરી ગાળાગાળી કરી હતી અને આજે તને જીવતો નહીં છોડીએ તેવી ધમકીઓ આપી હતી. જ્યારે ફળિયાના લોકો વચ્ચે પડ્યા ત્યારે આરોપીઓએ તેમને પણ ધમકાવ્યા હતા અને મનોજકુમારને ફરી ક્યારેક રસ્તામાં એકલો મળશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. મનોજકુમારે કાલોલ સરકારી દવાખાનામાં સારવાર લીધા બાદ પોતાના મિત્રો સાથે પોલીસ મથકે પહોંચી આ ચાર શખ્સો તેમજ અન્ય અજાણ્યા પાંચ થી છ માણસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કાલોલ ગોળીબાર ચોકડી પાસે યુવકને કચડી બાઈક ચાલક ફરાર

કાલોલ : ગતરોજ તારીખ ૦૯/૦૫/૨૦૨૬ ના રોજ સાંજે કાલોલના ગોળીબાર ચોકડી પાસે મલાવ રોડ પર એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો જ્યાં મજૂરી કરીને પગપાળા ઘરે પરત ફરી રહેલા ૩૦ વર્ષીય યુવકને પુરઝડપે અને ગફલતભરી રીતે આવતા અજાણ્યા મોટરસાયકલ ચાલકે અડફેટે લેતા યુવકનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જી બાઈક ચાલક નાસી છૂટ્યો હતો ત્યારે મૃતકની ઓળખ અર્જુનભાઈ ઉર્ફે ભાદો મંગાભાઈ નાયક ઉ.વ. ૩૦ તરીકે થઈ છે. આ બનાવ અંગે મૃતકના દાદી ગંગાબેન મોહનભાઈ નાયક ઉ.વ. ૬૫, રહે. ગોળીબાર, કાલોલ દ્વારા કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

**જાહેર હરાજી**

આથી જાહેર જનતાને જણાવવાનું કે સાસ્તાપુર (તાલુકો મહુધા) ગ્રામ પંચાયતનું જર્જરીત મકાન તોડી પાડવાનું હોય તેના કાટમાળ,બારી-બારણા અને લોખંડની જાહેર હરાજી તા.૧૬/૦૫/૨૦૨૬ શનિવાર સવારે ૧૧:૦૦ કલાકે ગ્રામ પંચાયત સાસ્તાપુર ખાતે રાખેલ છે. તો રસ ધરાવતા ઈસમોને ઉપરોક્ત સ્થળે અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.
નોંધ: હરાજીમાં ભાગ લેવા રૂ.5000/- ડિપોઝિટ રાખવામાં આવેલ છે. હરાજીની શરતો તથા નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
તારીખ : ૧૬/૦૫/૨૦૨૬ શનિવાર રોજ,
સમય : સવારે ૧૧:૦૦ કલાકે
સ્થળ : ગ્રામ પંચાયત સાસ્તાપુર ખાતે રાખેલ છે.

**સાસ્તાપુર ગ્રામ પંચાયત**
મુ.પો.સાસ્તાપુર, તા.મહુધા, જિ.ખેડા

**જાહેર નોટીસ**

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં
કેસ.નં.૫૬૩/૨૦૨૬ તા.૦૨/૦૪/૨૦૨૬
અરજદાર: મંડોડ રામસીંગભાઇ મગનભાઇ
સરનામુ: રહે.ગુલબાર,તા.ગરબાડા, જિ.દાહોદ
સામાવાળા, તલાટી કમ મંત્રીશ્રી,ગુલબાર,તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ-મરણની અધિનિયમની કલમ : ૧૩ (૩)મુજબની જન્મની નોંધણી કરવા બાબત
આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી મંડોડ રામસીંગભાઇ મગનભાઇના પુત્ર મંડોડ કિશનભાઇ રામસિંહનો જન્મ તા.30/૧૨/૨૦૦૯નારોજ ગામ,ગુલબાર,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે,જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ગુલબાર,તા,ગરબાડા,જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો. તારીખ :૦૨/૦૪/૨૦૨૬
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા